# એઆઈસીઆરપી– વીડ મેનેજમેન્ટ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આ.કૃ.યુ., આણંદ દ્વારા "સંકલિત નીંદણ વ્યવસ્થાપન" વિષય પર ત્રણ દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો

આઝાદીનો અમૃત મહોત્સવ અને બં. અ. કૃષિ મહાવિદ્યાલયના પ્લેટીનમ જ્યુબીલીની ઉજવણી અંતર્ગત એઆઈસીઆરપી- વીડ મેનેજમેન્ટ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આ.કૃ.યુ., આણંદ દ્વારા "સંકલિત નીંદણ વ્યવસ્થાપન" વિષય પર તા. ૨૫/૦૭/૨૦૨૨ થી ૨૭/૦૭/૨૦૨૨ દરમ્યાન માનનીય કુલપતિશ્રી, ડૉ. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ ખેડૂતો માટેનો ત્રણ દિવસીય તાલીમ કાર્યક્રમનું આયોજન પ્રસાર શિક્ષણ ભવન, આ.કૃ.યુ., આણંદ ખાતે કરવામાં આવેલ હતું. જેમાં ઊંઝા તાલુકાના ૩૯ ખેડૂતોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે ડી. ડી. ચૌધરી, એગ્રોનોમીસ્ટ, એઆઈસીઆરપી- વીડ મેનેજમેન્ટ દ્વારા તાલીમના મુખ્ય હેતુઓ અને ઉપયોગીતા, એઆઈસીઆરપી- વીડ મેનેજમેન્ટ વિભાગની યોજનાકીય પ્રવૃત્તિઓ તેમજ નીંદણ નિયંત્રણ અંગેની ભલામણો વિશે તાંત્રિક તેમજ પ્રાયોગિક માહિતી આપવામાં આવેલ હતી.

આ સમગ્ર તાલીમ કાર્યક્રમ દરમ્યાન આણંદ કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો દ્વારા નીંદણ નિયંત્રણની વિવિધ પધ્ધતિઓ તેમજ સંકલિત નીંદણ વ્યવસ્થાપન, નીંદણનાશકોનો ઉપયોગ અને તેના છંટકાવમાં રાખવાની કાળજી, નીંદણનાશકોના અવશેષો અને તેનું નિવારણ, સજીવ અને પ્રાકૃતિક કૃષિમાં નીંદણ વ્યવસ્થાપન, નીંદણની ઓળખ તથા નીંદણનાશકોના છંટકાવનું પ્રાયોગિક નિદર્શન વગેરે વિષયો પર વિસ્તૃત જાણકારી આપવામાં આવેલ.

કાર્યક્રમના અંતિમ દિવસે ખેડૂતોને આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે એઆઈસીઆરપી- વીડ મેનેજમેન્ટના ફાર્મ તથા સરદાર પટેલ એગ્રીકલ્ચરલ એજ્યુકેશનલ મ્યુઝીયમની મુલાકાત પણ કરાવવામાં આવેલ હતી. તાલીમમાં ભાગ લીધેલ ખેડૂતોએ તેઓના પ્રતિભાવમાં જણાવેલ કે આ તાલીમ નીંદણ વ્યવસ્થાપનમાં તેમજ ખેતી ખર્ચ ઘટાડવામાં ખૂબ જ ઉપયોગી સાબિત થશે.

## તાલીમ કાર્યક્રમની ઝાંખીઓ








